
# રેપો રેટમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો

મુંબઈ,તા. ૧૬

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ આજે ધારણા પ્રમાણે જ રેપો રેટમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કર્યો હતો. જ્યારે કેશ રિઝર્વ રેશિયો (સીઆરઆર)ને યથાવત્ ૪.૭૫ ટકા જાળવી રાખવાનો નિર્ણય કર્યો છે. રેપો રેટમાં ઘટાડો કરવામાં આવતાં તમામ પ્રકારની લોન વધુ સસ્તી બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. ત્રણ વર્ષના ગાળામાં પ્રથમ વખત આરબીઆઈએ રેટમાં ઘટાડો કર્યો છે. આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષા ઉપર તમામ લોકોની નજર કેન્દ્રીત હતી. માર્ચ ૨૦૧૦ બાદથી આરબીઆઈએ વ્યાજદરમાં ૧૩ વખત વધારો કર્યો હતો. વધતા ફુગાવાને અંકુશમાં લેવા માટે વ્યાજદરમાં વધારો કરવામાં આવ્યો હતો. લાંબાગાળા બાદ ફરી રેપો રેટમાં ૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો કરવામાં આવ્યો છે. આની સાથે જ રેપો રેટ ઘટીને ૮ ટકા થઈ ગયો છે. આની સાથે જ સીઆરઆરને યથાવત્ ૪.૭૫ ટકા રાખવામાં આવ્યો છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વિકાસને પ્રોત્સાહન આપવાના હેતુસર રેટમાં ઘટાડો કર્યો છે. તાજેતરના સમયમાં વિકાસની ગતિ ધીમી પડી હતી. સાથે સાથે અન્ય ક્ષેત્રોમાં પણ ઉદાસીનતા દેખાઈ રહી હતી. ઉત્પાદનમાં ઘટાડો થયો હતો. ફેક્ટરી ઉત્પાદનને વધારવાના હેતુસર રેપો રેટમાં ઘટાડો કરવામાં આવ્યો છે. ફેબ્રુઆરી મહિનામાં ભારતમાં ઔદ્યોગિક ઉત્પાદન અપેક્ષા કરતા વધુ ઘટી ગયું હતું. ગયા સપ્તાહમાં જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું હતું કે ફેબ્રુઆરીમાં ઔદ્યોગિક ઉત્પાદન ૪.૧ ટકાના દરે વધ્યું હતું. આરબીઆઈએ આક્રામક નાણાંકીય નીતિ અપનાવ્યા બાદ હવે નીતિ વ્યવસ્થાને હળવી કરી છે. તમામ



મોટા અર્થતંત્ર હાલ મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યા છે ત્યારે ભારત સરકારે સાવચેતીના તમામ પગલાં લીધા છે. ગયા વર્ષ બાદથી રેટ યથાવત્ જાળવી રાખવામાં આવ્યા હતા. આરબીઆઈના ગવર્નર સુબ્બારાવે કહ્યું છે કે લિક્વિડીટીની સ્થિતિ સામાન્ય બનવા તરફ આગળ વધી રહી છે. બેંકીંગ વ્યવસ્થામાં છેલ્લા કેટલાક મહિનાઓમાં રોકડ રકમની અછત ઊભી થયા બાદ હવે લિક્વિડીટીની સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. સુબ્બારાવે કહ્યું હતું કે આરબીઆઈ જો જરૂર પડશે તો સાનુકૂળ સ્તરે લિક્વિડિટીને જાળવવા યોગ્ય પગલાં લેશે. આરબીઆઈએ કહ્યું છે કે માર્ચ ૨૦૧૩માં પૂરા થતાં નાણાંકીય વર્ષમાં જીડીપી વિકાસ માટે બેઝ લાઈન અપેક્ષા ૭.૩ ટકાની છે જે હાલમાં જ પૂરા થયેલા વર્ષમાં ૬.૯ ટકા છે. ફુગાવો ૬.૫ ટકા રહેવાની અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે. મૂડીરોકાણની ગતિ ભારતીય અર્થતંત્રમાં નબળી પડી છે. વૈશ્વિક નાણાંકીય કટોકટી પહેલાં આર્થિક વિકાસ દર ૮.૫ ટકા હતો જે ઘટીને ૭ ટકાની આસપાસ છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એનર્જી, મિનરલ અને સ્કીલ્ડ લેબરમાં સપ્લાય તંગી પ્રવર્તી રહી છે. સુબ્બારાવે એમ પણ કહ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપર ધ્યાન કેન્દ્રીત કરીને અર્થતંત્રને મજબૂત કરવાના પ્રયાસ કરવામાં આવશે. સુબ્બારાવે એમ પણ કહ્યું હતું કે સબસીડી બોઝને કાબૂમાં લેવા અથવા તો તેને મર્યાદિત કરવા સરકાર જરૂરી પગલાં લે તે જરૂરી છે. સબસીડી બોઝના લીધે તાજેતરના નાણાંકીય વર્ષમાં નાણાંકીય ખાદ્ય જીડીપીના ૫.૯ ટકા સુધી પહોંચી છે. સરકાર ઊંચી વૈશ્વિક તેલ કિંમતોની સાથે સાથે ઘણા પડકારની સ્થિતિનો સામનો કરી રહી છે. આવી સ્થિતિમાં જરૂરી પગલાં લેવામાં આવે તે જરૂરી છે. હોમ, ઓટો અને કોર્પોરેટ લોન વધુ સસ્તી થશે જેથી લોન સસ્તી થવાની રાહ જોઈ રહેલા લોકોને ફાયદો થશે. વિકાસને નવ ટકાની સપાટી જાળવી રાખવાનો હેતુ આમા રાખવામાં આવ્યો છે. વાર્ષિક ક્રેડિટ પોલીસીની જાહેરાત થતાં સુબ્બારાવે આ મુજબની વાત કરી હતી. સુબ્બારાવે પોલીસી રેટમાં વધુ ઘટાડો નજીકના સમયમાં કરવાનો ઈન્કાર કર્યો હતો. માર્ચ ૨૦૧૩ સુધી ફુગાવો ૬.૫ ટકા રહેવાની વાત કરવામાં આવી છે. આરબીઆઈ હવે ૧૮મી જૂનના દિવસે નાણાંકીય નીતિની મધ્ય ત્રિમાસિક સમીક્ષા જારી કરશે પ્રથમ ત્રિમાસીક સમીક્ષા ૩૧મી જુલાઈના દિવસે જારી કરાશે.

### બેંકો થાપણના રેટમાં ઘટાડો કરે તેવી શકયતા

ઊંચા ખર્ચની લોનનો બોજ ઘણા સમય સુધી ઉપાડ્યા બાદ બેંક કસ્ટમરો હવે વ્યાજદરમાં ૨૫-૫૦ બેઝિક પોઈન્ટનો ઘટાડો થવાની અપેક્ષા રાખી રહ્યા છે. આરબીઆઈના પગલાંની સીધી અસર ટૂંકમાં જ જોવા મળશે. બેંકો થાપણોના રેટમાં પણ ઘટાડો કરી શકે છે. જો કે આ પ્રક્રિયા બોન્ડ અને નાની બચત સ્કીમ તરફથી સ્પર્ધાના કારણે તબક્કાવાર રીતે આગળ વધશે. પંજાબ નેશનલ બેંકના વરિષ્ઠ અધિકારીએ કહ્યું છે કે હોમ લોન સસ્તી થશે. તેમની બેંક ગ્રાહકોને અપાતી લોનના રેન્જ માટે રેટના માળખાની સમીક્ષા કરશે. પ્રાઈઝ લોન માટે ઉપયોગ કરાતા બેઝ રેટ ૧૦ ટકાથી ઉપર રહે તેમ માનવામાં આવે છે.

## આરબીઆઈએ ડિઝલ, કેરોસીન અને એલપીજીની કિંમતમાં વધારો કરવાની કરેલ તરફેણ

મુંબઈ,તા. ૧૭

સામાન્ય લોકો તીવ્ર મોંઘવારીનો સામનો કરી રહ્યા છે ત્યારે આજે આરબીઆઈએ ડિઝલ, કેરોસીન અને એલપીજીની કિંમતમાં વધારો કરવાની જોરદાર તરફેણ કરી હતી. આરબીઆઈએ કહ્યું હતું કે પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં વધારો હવે ખુબ જરૂરી બની ગયો છે. અનેક પડકાર ઉભા કરી રહેલી નાણાંકીય તકલીફોને દુર કરવા માટે પેટ્રોલિયમ પેદાશોની કિંમતમાં વધારો જરૂરી બન્યો છે. આરબીઆઈના ગવર્નર ડી. સુબ્બારાવે કહ્યું હતું કે માઈક્રો ઈકોનોમિક સ્થિરતા માટે એકંદરે ભાવમાં સુધારો જરૂરી બન્યો છે. પેટ્રોલની કિંમત માર્કેટલક્ષી છે. પરંતુ એલપીજી, કેરોસીન અને ડિઝલની કિંમતો સરકાર દ્વારા નક્કી કરવામાં આવે છે. જેથી સબસિડી પર જંગી બોજની સ્થિતી દેખાઈ રહી છે. મધ્યપૂર્વમાં અંધાધુંધી અને વૈશ્વિક પ્રવાહી સ્થિતીના કારણે વર્ષ ૨૦૧૨ની શરૂઆત બાદથી વૈશ્વિક ક્રુડની કિંમતમાં વધારો થયો છે.



બ્રેન્ટ ક્રુડની કિંમત જાન્યુઆરીમાં ૧૧૧ ડોલરની વધીને એપ્રિલના મધ્યમાં બેરલદીઠ ૧૨૦ ડોલરની સપાટીએ પહોંચી હતી. આરબીઆઈએ કહ્યું છે કે ઓઈલ સબસિડીનો બજેટ અંદાજ વધી રહ્યો છે. ઉંચી સબસિડીના કારમે દેશની નાણાંકીય ખાદ્ય પર દબાણ આવી રહ્યું છે. નાણાંકીય ખાદ્ય ગયા નાણાંકીય વર્ષમાં જીડીપીના ૫.૯ ટકા સુધી પહોંચી જતા ચિંતાનું મોજુ ફરી વળ્યું હતું. ભારત તેની ક્રુડ ઓઈલ જરૂરીયાત પૈકી ૮૦ ટકા ક્રુડ ઓઈલની આયાત કરે છે. સુબ્બારાવે કહ્યું હતું કે નાણાંકીય વર્ષમાં કોઈ પણ નબળાઈ ફુગાવા પર પ્રતિકુળ અસર કરી શકે છે. સરકાર વર્તમાન નાણાંકીય વર્ષમાં સબસિડી બિલને જીડીપીના બે ટકા સુધી ઘટાડવાની યોજના ધરાવે છે. સરકારે વર્ષ ૨૦૧૨-૧૩ માટે ફ્યુઅલ સબસિડી માટે ૪૦,૦૦૦ કરોડ રૂપિયા આપ્યા છે. રીઝર્વ બેંકની જાહેરાતથી સામાન્ય લોકોની ચિંતામાં વધારો થયો ચે. કારણ કે આમાં ભાવમાં વધારો કરવાની સ્પષ્ટ પણે વાત કરવામાં આવી છે

## સોનાની આયાત વધતાં રીઝર્વ બેંક ભારે ચિંતિત

મુંબઈ,તા. ૧૭

સોનાની આયાતમાં થયેલા વધારા અંગે ચિંતા વ્યક્ત કરતા આરબીઆઈએ આજે સોના સામે લોન આપનાર એનબીએફસીના એક્સપોઝેરમાં ઘટાડો કરવા બેંકોને સુચના આપી હતી. ગોલ્ડ ફાયનાન્સ કંપનીઓને ધીરાણ આપતી બેંકો માટે ધારાધોરણો કઠોર બનાવી દેવામાં આવ્યા છે. આ મામલે સુચનો કરવા એક કારોબારી જુથની રચના કરવામાં આવી છે. કુલ નાણાંકીય સંપત્તિ પૈકી ૫૦ ટકાથી વધારે ગોલ્ડ લોન પોર્ટફોલિયો ધરાવનાર નોન બેકિંગ ફાયનાન્સિયલ કંપની (એનબીએફસી) માટે આંતરિક એક્સપોઝર લિમિટ નક્કી કરવા બેંકોને સૂચના આપી હતી. બેંકોએ એક એનબીએફસીમાં રેગ્યુલેટરી એક્સપ્લોઝર મર્યાદામાં ઘટાડો કરવો જોઈએ. કુલ નાણાંકીય સંપતિના ૫૦ ટકા અથવા તો વધુની મર્યાદાની સ્થિતીમાં પગલા લેવા બેંકોને કહ્યું છે. મર્યાદા ઘટાડીને ૧૦ ટકાના બદલે ૭.૫ ટકા કરવા કહેવામાં આવ્યું છે. સોનાની આયાતમાં થયેલા વધારા અંગે ચિંતા વ્યકત કરતા આરબીઆઈએ એનબીએફસી દ્વારા વધારે પડતી લોનને રોકવા ધારાધોરણ કઠોર બનાવ્યા છે. કારોબારી જુથ સોનાની આયાતની અસરની સમીક્ષા કરશે. ભારતે વર્તમાન નાણાંકિય વર્ષમાં પ્રથમ ૧૧ મહિના દરમ્યાન ૫૪.૫ ડોલરની કિંમતના સોના અને ચાંદીની આયાત કરી છે. જે પૈકી સોનાની આયાત ૪૦.૫ અબજ ડોલર અને ચાંદીની આયાત ૧.૯ અબજ ડોલર છે.

## ધોની દેશભરમાં જીમ ખોલવા માટે ઈચ્છુક

નવી દિલ્હી,તા. ૧૭

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની હવે બિઝનેસના મેદાન પર ચોગ્ગા-છગ્ગા લગાવાની તૈયારીમાં છે. ધોનીએ દેશભરમાં જીમ ખોલવાનો નિર્ણય કર્યો છે. દેશમાં કોઈપણ ખેલાડી દ્વારા પોતાના પ્રકારની આ પ્રથમ વિશેષતા હશે. પ્રથમ ઉદ્યોગ સાહસના ભાગરૂપે આ તૈયારી ધોનીએ હાથ ધરી છે. ધોનીના આ બિઝનેસ પાટનર અને મેનેજર અરુણ પાંડેએ કહ્યું છે કે આ વેન્ચર સ્પોર્ટ્સફીટ વર્લ્ડ પ્રાઈવેટ લિમિટેડ હેઠળ પાંચ વર્ષમાં દેશમાં ૨૦૦ જીમ ખોલશે. સૂત્રોના જણાવ્યા મુજબ કેટલાક વિદેશી મૂડીરોકાણકારોએ સ્પોર્ટ્સફીટ વર્લ્ડમાં હિસ્સેદારી મેળવી લીધી છે. કંપની આગામી પાંચ વર્ષમાં ૧૫૦૦-૨૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરશે. પાંડેએ આ બંને બાબતો અંગે માહિતી આપી નથી પરંતુ તેમણે કહ્યું છે કે સ્પોર્ટ્સફીટ નામથી ખુલનાર જીમમાં ટૂંક સમયમાં જ કામગીરી શરૂ થશે. આગામી ચારથી આઠ સપ્તાહમાં કામગીરી શરૂ કરી દેવાશે. જે કંપની હેઠળ અથવા ફ્રેન્ચાઈસીસ સ્વરૂપે આને ચલાવવામાં આવશે. પાંડેએ કહ્યું છે કે આના ઉપર કામ ચાલી રહ્યું છે. સ્પોર્ટ્સફીટના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર પંકડ ગુલિયાનીએ કહ્યું છે કે જીમમાં પરફોર્મન્સ આધારિત ફિટનેશ ઉપર મુખ્ય ધ્યાન આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે વિકેટ કીપર અને બેટ્સમેન તરીકે ધોની દરેક ટેસ્ટ મેચમાં એક દિવસમાં ઓછામાં ઓછા ૫૪૦ સ્કેટ લગાવે છે જેથી



સમગ્ર ધ્યાન ભારતીયો વચ્ચે ફીટનેશને લઈને ધારાધોરણ તૈયાર કરવા ઉપર આપવામાં આવશે. સ્પોર્ટ્સફીટ જોઈન્ટ કરતા પહેલા ગુલીયાની ફિટનેશ સાધનોના કારોબારમાં હતા. સ્પોર્ટ્સફિટ માટે પ્રથમ જીમ ગુડગાંવમાં ખુલશે. જે ટૂંકમાં જ તૈયાર થઈ રહેલા ગ્લોબલ ફોયર મોલમાં ૨૫૦૦૦ વર્ગફૂટ વિસ્તારમાં હશે. જાણકાર સૂત્રોના જણાવ્યા મુજબ ભારતમાં ફિટનેશ બજારનું કદ ૪૦૦૦ અબજ રૂપિયાનું છે. આ બજાર વધુ ઝડપથી વધે તેવી શક્યતા છે. આ બજારના બે તૃતીયાંશ ઉપર ફિટનેશ અને સ્લીમીંગ સેન્ટરનું અંકુશ છે અને ૨૬૦૦ કરોડનો કારોબાર છે. ગુલિયાનીએ કહ્યું છે કે સ્પોર્ટ્સફીટ દ્વારા દેશના સૌથી મોટા મહત્વકાંક્ષી ફિટનેશ બ્રાન્ડ બનવાની યોજના તૈયાર કરી છે પરંતુ આ સિદ્ધિ હાંસલ કરવા માટે દેશના સૌથી સફળ કેપ્ટનને ગોલ્ડ્સ જીમ ફિટનેશ વન અને અન્ય સુવિધાઓ વિકસીત કરવી પડશે. ઘણી રાષ્ટ્રીય ચેન એવી છે જે ખૂબ જ લોકપ્રિયતા મેળવી ચૂકી છે જેમાં ગોલ્ડ્સ જીમ, તલવલકર્સ, ફિટનેશ વન અને સ્નેપ ફિટનેશનો સમાવેશ થાય છે. ધોની જે લોકો માટે જાહેરાતમાં કામ કરી રહ્યો છે તેમના માટે પણ આ મોટી સફળતા સમાન છે. ધોની હાલ ૨૩ બ્રાન્ડમાં કામ કરી રહ્યો છે જેમાં રિબોક, પેપ્સી, એર્સેલ, અશોક લેલેન્ડ, ગર્ફઓઈલ, ડાબર, વિજય માલ્યાના મેગડોયેલ નંબર વન સામેલ છે. તેમની વાર્ષિક જાહેરાતથી ૪થી ૮ કરોડ રૂપિયા છે. ધોનીને સૌથી મોંઘા ક્રિકેટર તરીકે ગણવામાં આવે છે.

## નાનાં બાળકોના મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો : યુનિસેફ

નવી દિલ્હી,તા. ૧૭

દુનિયાભરમાં પાંચ વર્ષ સુધીના બાળકોના મૃત્યુદરમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. યુનિસેફ અને સેવ દ ચિલ્ડ્રનના નવા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ ૧૯૯૦ની સરખામણીમાં દર વર્ષે હવે ૪૦ લાખ બાળકો વધુ જીવીત રહી રહ્યા છે.

ઓવરસીઝ ડેવલોપમેન્ટ ઈન્સ્ટીટ્યુટે પોતાના અભ્યાસમાં જણાવ્યું છે કે દુનિયાભરમાં બાળકોના આરોગ્યને લઈને ચિંતા વધી છે. શોધમાં જણાવવામાં આવ્યું છે કે બાળકોના મૃત્યુદરમાં ઘટાડો થવા માટે અન્ય પરિબળો પણ જવાબદાર છે જેમાં આર્થિક વિકાસ અને સારી વહીવટી નીતિનો સમાવેશ થાય છે. આના કારણે લોકોનું જીવન ધોરણ સુધર્યું છે.

યુનિસેફ અને સેવ દ ચિલ્ડ્રનના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે આર્થિક વિકાસદર અને સારી વહીવટી નીતિની અસર સૌથી વધારે બ્રાઝિલ, બાંગ્લાદેશ અને વિયતનામના બાળકો ઉપર થઈ છે. યુનિસેફ અને અન્ય અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે મૃત્યુદર ઘટવા માટે અન્ય અનેક પરિબળો જવાબદાર છે. અહેવાલ મુજબ વર્ષ ૨૦૦૯ના દશકમાં પાંચ કરોડ ૬૦ લાખ બાળકો સ્કૂલ જતા હતા. આ અહેવાલ મુજબ સબસહારા અને આફ્રિકાના દેશોને સૌથી વધારે આર્થિક મદદ મળી રહી છે જેથી બાળકોના વિકાસમાં તેજી આવી છે. સૌથી સારા પરિણામ કુપોષણના કારણે બાળકો પર થનારી માનસિક અને શારીરિક અસર છે.

## અમેરિકામાં ચૂંટણી પહેલા જ ઓબામાની લોકપ્રિયતા ઘટી

વોશિંગ્ટન,તા. ૧૭

અમેરિકમાં આ વર્ષે યોજાનાર પ્રમુખપદની ચૂંટણી પહેલા પ્રમુખ બરાક ઓબામાની લોકપ્રિયતા સતત ઘટી રહી છે. ઓબામાની લોકપ્રિયતા ઘટવા માટે અનેક કારણો જવાબદાર છે. જેમાં બેરોજગારી અને આર્થિક હાલત મુખ્યરીતે જવાબદાર છે. ઓબામાની લોકપ્રિયતા ઘટીને ૦૪ ટકા થઈ ગઈ છે. છતાં પણ ઓબામા હજુ તેમના સૌથી નજીકના હરીફ મિટ રોમની કરતા ખુબ આગળ ચાલી રહ્યા છે. નવા ચૂંટણી સર્વેમાં કહેવામાં આવ્યું છે કે



ઓબામાને ૪૭ ટકા લોકોએ પસંદ કર્યા છે. જ્યારે રોમનીની તરફેણમાં ૪૩ ટકા મત પડ્યા છે. અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીને લઈને જોરદાર ઉત્સુકતા છે. ચૂંટણીને લઈને છેલ્લા મહિનામાં કરાવવામાં આવેલા સર્વેમાં ઓબામાને ૫૨ ટકા લોકોએ મત આપ્યા હતા. જ્યારે રોમનીને ૪૧ ટકા મત મળ્યા હતા. જનમત સર્વેક્ષણમાં ૫૩ ટકા લોકોએ કહ્યું હતું કે તેમના માટે બેરોજગારી અને આર્થિક કફોડી હાલત ખુબ પ્રશ્ન છે. આ બન્ને મુદ્દા આ વખતે ચૂંટણીની દિશા નક્કી કરશે. આ બન્ને મામલે ઓબામા વિરોધી લોકો રોમનીના રિપબ્લિકન છાવણીમાં જતા રહ્યા છે.

મતદારો નક્કરપણે માની રહ્યા છે કે રોમની નોકરી અને અર્થવ્યવસ્થાના મામલે ઓબામા કરતા વધારે સારો દેખાવ કરી શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા થોડાક મહિના પહેલા મળેલા આંકડા મુજબ અમેરિકામાં બેરોજગારોનો દર ૦૯ ટકા હતો. અમેરિકામાં હજુ સુધીના ઈતિહાસમાં બેરોજગારીનો આટલો ઉંચો દર અગાઉ કોઈ પણ પ્રમુખના ગાળામાં નોંધાયો નથી. ઓબામાને છેલ્લા થોડાક સમય પહેલા જ વોલ સ્ટ્રીટ આંદોલનના સ્વરૂપમાં લોકોની તીવ્ર નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. જો કે ઓબામા પણ લોકોને પ્રભાવિત કરવાના બનતા તમામ પ્રયાસો કરી રહ્યા છે. રિપબ્લિકન પાર્ટીની તરફથી પ્રમુખ તરીકેના ઉમેદવારની પસંદગી કરવા થઈ રહેલી કવાયતમાં રોમનીને મોટો ફાયદો થયો છે. કારણ કે રિક સેન્ટોરમે પ્રમુખપદ માટેની સ્પર્ધામાંથી પોતાનું નામ પાછુ ખેંચી લેવાની જાહેરાત કરી હતી. રોમનીને આ વર્ષે યોજાનારી પ્રમુખની ચૂંટણી પહેલા રિપબ્લિકન રાષ્ટ્રીય અધિવેસન પહેલા ૧૧૪૪ ઉમેદવારોનું સમર્થન હાંસલ કરવુ પડશે. જેથી તેઓ ઓબામાની સામે ચૂટણી મેદાનમાં ઉતરી શકશે.

## શબ્દાવલી - ૪૭૦૩

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ |
| ૭ | | | | ■ | ૮ | | |
| | ■ | | ■ | ૯ | | | |
| ■ | ૧૦ | ■ | ૧૧ | ■ | ૧૨ | | |
| ૧૩ | | ૧૪ | ■ | ■ | ■ | ■ | ■ |
| ૧૫ | | | ૧૬ | ■ | ૧૭ | ૧૮ | ૧૯ |
| ૨૦ | | ■ | ૨૧ | ૨૨ | | | |
| ૨૩ | | | ■ | ૨૪ | | | |

### આડી ચાવી

૧. સાતતાળી, એક રમત (૫)
૫. મહેંદી (૨)
૭. બીક, ડર (૪)
૮. ઘરેલું, ઝવેરાત (૩)
૯. લાવણ્યમય (૪)
૧૧. આઈ, હું, પોતે (૧)
૧૨. 'જતન' શબ્દ આડોઅવળો (૩)
૧૩. દિદાર, એકવારના દર્શન (૩)
૧૫. હરસ, મસાને લગતો એક રોગ (૪)
૧૭. પુરુ, હાઉસફૂલ (૩)
૨૦. એક ઘાસ, આડખીલી (૨)
૨૧. જર્જરીત (૫)
૨૩. વિમાનની દોડપટ્ટી (૩)
૨૪. રાંધેલું અનાજ (૪)

### ઊભી ચાવી

૧. કાંકરી કે નાનો પથરો (૩)
૨. કમર, કેડ (૨)
૩. ઓડકાર (૩)
૪. સત્યાનાશ (૨)
૫. નાનમ (૪)
૬. અણસમજુ (૪)
૮. જોશ, જુસ્સો, જોમ (૩)
૧૦. એક મિઠાઈ (૫)
૧૩. ઝબકવું તે (૪)
૧૪. કંઈજ, કોઈ વાતની (૨)
૧૬. ઋષિ પાંચમ, મૃત વ્યક્તિની પાંચમ કરે તે (૨)
૧૭. હાથનું એક ઘરેણું (૩)
૧૮. પ્રાપ્ત થવા, મળવા (૩)
૧૯. પ્રિયતમ, સાથી (૩)
૨૨. જરૂરિયાત (૨)

**શબ્દાવલી ૪૭૦૨ના જવાબ**

**આડી ચાવી :-** (૧) આપઘાત (૫) ઘુઘરા (૬) ઘાલમેલ (૭) તટ (૮) નટખટ (૧૦) બાપા (૧૨) જવાનિકા (૧૫) હેલન (૧૮) ટકટક (૨૦) વહેવાર (૨૧) તકાજો (૨૨) પતાવવું

**ઊભી ચાવી :-** (૧) આઘાત (૨) પલટવું (૩) ઘાત (૪) તલ (૫) ઘુમટ (૮) નપાવટ (૯) ટચ (૧૦) બાજ (૧૧) કહેવત (૧૩) નિકટ (૧૪) કાટ (૧૬) લહેકા (૧૭) નવાજો (૧૯) કડવું

## Hello ફ્રેન્ડસ! (પાના નં. ૪ નું ચાલુ)

એ એકદમ સફાઈદાર અંગ્રેજીમાં બોલતો હતો અને એનાં ઉચ્ચ અમેરીકન ઉચ્ચારો વાળી અંગ્રેજી સામે મારાં ગુજરાતી જવાબો અસભ્ય લાગશે એવું સમજી હું મારી સ્મિતની ભાષાથી સંકોચાઈને ઊભો રહ્યો... એનાં ગાભા જેવાં કપડાં ગગનચુંબી ભાવથી મને એમનાં નફાનું માર્જિન સમજાઈ ગયું!!

અનેક લોકો આવાં બ્રાન્ડનાં સૅલ્સમેનથી છૂટકારો મેળવવાં એકાદી વસ્તુ ટ્રૉલીમાં નાંખી દેતાં હતાં. જેમની ટ્રૉલી ભરાયેલી હતી તેઓ ગર્વ અનુભવતાં અને ખાલી હતી તેઓ શરમાતાં હતાં. મૉલ કૉમ્પલેક્ષને કારણે જરૂરી કરતાં બીનજરૂરી વસ્તુઓ જ ટ્રૉલીમાં ભરાતી જોવાં મળતી હતી... એક સાથે એક ફ્રીની સ્કીમથી ટૂથપૅસ્ટ, તેલ, ક્રિમ, સાબુ, સોયાસ્ટીક, ચોળાયેલાં કપડાં, પ્લાસ્ટીકનાં ડબડાં, બિસ્કીટ, ચૉકલેટ્સ જેવી અનેક વસ્તુઓને ટ્રૉલીમાં સ્થાન મળી ગયું હતું...

મૉલમાં ફરતાં ફરતાં એક પરિવારનાં ભાઈશ્રીએ પેન્ટ, શર્ટ અને બૉક્સ પેકીંગ સરસ હતું એટલે ટાય પણ લીધી! પેલાં સવારે ચાલવાં માટેનાં મોંઘામાંના બૂટ લીધાં એટલે કદાચ ચાલવાની ઈચ્છા થાય. છોકરાઓએ ટી.વી.ની લલચામણી બધી જાહેરાતો યાદ રાખીને એ પ્રમાણે ટ્રૉલી ભરી અને કચરાપેટી જેવી ખાવાની વસ્તુ પર પણ એમની નજર બગાડી... પત્નિએ તો ડુંગળી - બટાકાથી ખાંડ, લિપસ્ટીક અને અંદરના - બહારનાં કપડાં, સસ્તા હતાં એટલે અગણિત બધાથી ટ્રૉલી ખચાખચ ભર્યા બાદ એક ખૂણામાં ખાલી જગ્યા દેખાતાં એનાં દૂરનાં સગાનાં કોઈ ગર્ભવતી મહિલાના થનારાં બાળક માટેનું ઝભલુંય લઈને જગ્યા ભરી દીધી!!

મૉલમાંથી ધૂતાયેલા, ખાલી ખીસ્સા અને ભરાયેલી પ્લાસ્ટિકની થેલીવાળાં પરિવાર રસ્તા પર ઠળવાઈ રહ્યાં હતાં. રહી સહી કસર પેલો બહાર ગૅમ્સ મુકી છે એના પર છોકરાઓ જીદે ચઢીને રમતાં હતાંને કારણ વગર પૈલા વેડફતાં હતાં. ખરીદીથી ઘરમાં ઊભી થરનારી અડતણ કોકને પૈસાની અને કોકને નકામી વસ્તુની ચિંતા કોરી ખોતી હતી... આવતાં અઠવાડીએ પાછાં આવાં જ અનેક પરિવારોનો ગંડો આ મૉલમાં કરાવવાં ઘુસશે, લૂંટાશે, ખર્ચાશે ને બહાર આવશે!!

પહેલાં એક સનકી બાબા હતાં. (નિર્મલબાબા જેવાસ્તો!) એમનાં આશીર્વાદથી બધાંનાં દુઃખ દર્દ દૂર થતાં હતા. બાબાના ચમત્કારની અનેક કથાઓ પ્રચલિત હતી. તકલીફોવાળા લોકોની ખોટ ના હોવાથી બાબાના ત્યાંય સતત ભીડ રહેતી. બાબાના આશીર્વાદ આપવાની સ્ટાઈલ નિરાળી હતી. તેઓ ભક્તોના શરીર પર દોડી જતાં, ગાળો આપતાં, મારતાં, બાબા જો મૂડમાં હોય તો ભક્તોને લાતો મારતાં. કચકચાઈને પડેલી લાતથી ભકતોનાં દુઃખ દર્દ મટી જતાં. બાબાની લાતોથી ભક્તોને આધ્યાત્મિક ગલગલીયા થતાં. બાબાની લાતો ખાવા લોકો લાઈન લગાવતાં!! કયારેક તો બાબાય લાતો મારીને કંટાળતાં, થાકતાં અને શાંત બેસી રહેતાં. મારા ખાવાથી ટેવાયેલાં ભક્તો એમનાં પગ પકડીને બેસી રહેતાં અને લાત ખાધા વગર તમારાં પગ છોડીશું નહીં એવું કહેતાં... હશે!!

મૉલમાં પોતાની જાતને છેતરી, લૂંટાવા માટે માણસો ભેગા થાય છે. બાબા તો ઠાકતાં કંટાળતાં, મૉલ થાકતો નથી અને કંટાળતોય નથી. એટલો જ ફરક છે!! અને હા, પત્નિ કૅશ કાઉન્ટર પર મળી ત્યારે ક્રેડીટ કાર્ડ ઘસાવી હુંય એકાદ મહિના પછીનાં બિલની ચિંતામાં ટ્રૉલી ધકેલતો હતો.

**ચૂંટલો : -**

મૉલમાં ત્રણ-ચાર કલાક એ.સી. ની ઠંડી હવા ખાઈ ખીસ્સા ખાલી કરતાં માણસો છેલ્લે ટોટલ મારે તો એટલાં રૂપિયામાં તો આખા મહિનાનું એ.સી.નું ઘરનું બિલ ચૂકવી શકે એટલાં રૂપિયાં લૂંટાવી ચૂક્યા હોય છે!!

- hellosanjay108@gmail.com

## નવાં ક્લેવર (પાના નં.૪ નું ચાલુ)

એક નહીં અનેક વાતો એવી હોય છે જે જીવનસાથી સાથે શૅયર કરી શકાય. પણ મારું તો દુઃખ પણ હું કોઈની સાથે વહેંચી શકતી નથી. મારી મમ્મી એ પણ મને કહી દીધું કે 'શું કામ પતિથી નારાજ રહીને તું તારા જીવનને ગ્રહણ લગાવવા બેઠી છે. ભગવાને તમે બધું જ તો આપ્યું છે. આવડું મોટું ઘર... નોકર ચાકર... બે નાનાં નાનાં બાળકો, બેંક મેનેજર પતિ. એક સુહાગણ સ્ત્રીને એથી વધું શું જોઈએ?'

પણ મમ્મીને એ કયાંથી ખબર કે આ સાધન સગવડોને કરવાની શું? જયાં સુખનું ઝરણું સૂકાઈ ગયું હોય ત્યાં... મારી પાસે તો અતિતની એવી કોઈ યાદો પણ નથી કે જેને યાદ કરીને સમય પસાર કરું. દુનિયાની સામે દેખાડાનું આ જીવન જીવતાં હું થાકી ગઈ છું. લોકોની સામે તો એમની છાપ એક સદ્‌ગૃહસ્થની છે. લોકો તેમની વ્યવહાર કુશળતાના વખાણ કરતાં થાંકતા નથી. પણ તેમને શું ખબર કે આટલો હોંશિયાર વ્યક્તિ તેની પત્નીની કેટલી ઉપેક્ષા કરે છે. કોણ જાણે મારા જેવી કેટલી સ્ત્રીઓ પોતનું વૈવાહિક જીવન આમ જ સંકોચ અને શરમમાં વિતાવતી હશે. જેને પતિ કહેવાય એવો આ વ્યક્તિ આજ સુધી મારા પાલવને છેડે બંધાયેલો તો છે પણ પત્ની તરીકેનું સન્માન તેને આપી શક્યો નથી. ઘર હોય કે બહાર મારી દરેક વાત ને એ રીતે કાપે છે જાણે કે હું તો કંઈ હોઉં જ નહીં.' સાચું કહું તો મારા પતિ નો મને એવો સાથ મળ્યો છે કે તેમાં મારું ટેલેન્ટ તો અંધકારમાં ખોવાઈ ગયું છે. આજે હું મારું પોતાનું નામ ખોઈ બેઠી છું. એમ કહેતાં હેમાલી રડવા લાગી. હેમાલીની વાતોથી સૌ સ્તબ્ધ થઈ ગઈ. તે સૌ તેને છાની રાખવાની કોશિષ કરવા લાગી. વાતાવરણ ગંભીર થઈ ગયું. ત્યાં શ્વેતા ઉઠીને તેના ખભે ધબ્બો મારતાં બોલી. 'અરે! ડરપોક, કોના માટે તું આંસુ વહાવી રહી છે. એના માટે જેનું દિલ તારા માટે કયારેય ધડક્યું જ નથી. જેણે કયારેય તને પોતાની માની જ નથી. એવા ક્રૂર વ્યક્તિ માટે? જીંદદીમાં એમ બળ્યા કરવા કરતાં મારી જેમ મસ્ત રહેતાં શીખ. તારું મન કોઈ રચનાત્મક કામ કે સેવામાં લગાવ. આ દુનિયામાં કરવા જેવું ઘણું છે. પણ તારું જીવન મારા કરતાં તો ઘણું સારું છે. હું કેવું જીવન જીવી રહી છું એનું તેને શું કહું. મારી બાબતે કેટકેટલું કહું. લે હવે શાંત થા. ને આ ચૉકલેટ ખાઈને બાળક જેવી ફરી બની જા. તેણે પોતાની બૅગમાથી ચૉકલેટ કાઢીને આપતાં કહ્યું.'

થોડીવાર માટે એ સૌની વચ્ચે મૌન પ્રસરી ગયું. કોઈ એક બીજા સાથે કંઈ ન બોલ્યું. પરંતુ શ્વેતાના એક વાક્યે સૌના દિલમાં ખળખળાટ મચાવી દીધો હતો. તેમની જિજ્ઞાસા વધી ગઈ હતી. શ્વેતાના જીવનમાં એવું તે શું બની રહ્યું છે? સ્વાતિથી રહેવાનું રહીં એટલે એ પૂછી બેઠી.

(ક્રમશઃ)

## ઍર ઈન્ડિયાની ૨૦મીથી અનેક નવી ફ્લાઈટ શરૂ

નવી દિલ્હી,તા. ૧૭

અનેક પ્રકારની મુશ્કેલીનો સામનો કરી રહેલા એર ઈન્ડિયાએ કેટલીક નવી મહત્વકાંક્ષી પહેલના ભાગરૂપે હવે ૨૦મી એપ્રિલના દિવસથી કેટલીક નવી ફ્લાઈટ



શરૂ કરવાની જાહેરાત કરી છે. એર ઈન્ડિયા દિલ્હીથી જમ્મુ ને શ્રીનગર માટે બે વધારાની ફ્લાઈટ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. ગરમીના દિવસોમા મોટી સંખ્યામાં પ્રવાસી કાશ્મીર જવાની યોજના બનાવે છે. લોકોના ધસારાને ધ્યાનમાં લઈને આ મુજબનો નિર્ણય કરવામાં આવ્યો છે. એર ઈન્ડિયાના પ્રવકતાએ વિગત આપતા કહ્યું છે કે દિલ્હી-જમ્મુ, અને દિલ્હી-શ્રીનગર વચ્ચે નવી સેવા શરૂ કરવામાં આવનાર છે. ૨૦મી એપ્રિલના દિવસથી આ સેવા શરૂ કરાશે. પ્રવકતાએ કહ્યું છે કે ગરમીના દિવસોમાં પ્રવાસી વધે છે. વધુ કમાણી કરી લેવાના હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.